# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૧ તા.૪-૮-૧૫**

ફકત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૩૧-૭-૧૫ સુધીમાં પ્રવેશ મેળવેલ હોય તેવા બાળકોને આપવા માટે (૧) સ્કૂલ બેગ, (૨) સ્લેટ તથા (૩) વોટરબેગ નીચે જણાવેલ ઝોનવાઈઝ તારીખ/વાર અને સમયે જમાલપુર શા.નં.૪મા આવેલ સ્ટોર વિભાગમાંથી મેળવી લેવાના રહેશે.

| ક્રમ | ઝોન | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|
| ૧ | હિન્દી તથા ઉર્દૂ ઝોન | ૫-૮-૧૫ | બુધવાર | ૧૨-૦૦ થી ૫-૦૦ |
| ૨ | પૂર્વ ઝોન તથા પશ્ચિમ ઝોન | ૬-૮-૧૫ | ગુરૂવાર | |
| ૩ | ઉત્તર ઝોન તથા દક્ષિણ ઝોન | ૭-૮-૧૫ | શુક્રવાર | |

સ્કૂલ બેગ, વોટર બેગ તથા સ્લેટ માટે નીચે જણાવ્યા મુજબનો રિપોર્ટ લાવવાનો રહેશે.

| ક્રમ | વસ્તુની વિગત | ધોરણ-૧ની તા.૩૧-૭-૧૫ સુધીની સંખ્યા | અગાઉ લઈ ગયેલ કીટની સંખ્યા | બાકી લેવાની કીટની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સ્કૂલ બેગ | | | |
| ૨ | વોટરબેગ | | | |
| ૩ | સ્લેટ | | | |

નોંધ :- કીટ લેવા શાળા સમયબાદ આવવું.

તા.૪-૮-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં. ૫૨ તા.૪-૮-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૫/ક/૧૭૪૧-૯૨ તા.૨૭-૭-૧૫ ના પત્ર અન્વયે તમારી શાળામાં કામગીરી ફેરફારથી કામગીરી બજાવતાં તમામ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકનાં કામગીરી ફેરફારના હુકમો રદ કરવામાં આવે છે. તેથી તા.૫-૮-૧૫ના રોજથી તેઓની મૂળ શાળામાં હાજર થવા છુટા કરી એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ મુખ્ય ઓફિસે રિપોર્ટ કરવા જણાવવામાં આવે છે. આ પરિપત્રની નોંધ શાળાના દરેક કર્મચારીઓને લેવડાવી સહી મેળવી શાળા દફતરે રાખવી.

તા.૪-૮-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૩ તા.૪-૮-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૦ થી ૫ વર્ષ અને ૫ થી ૭ વર્ષના બાળકોનાં આધારકાર્ડ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હોવાથી આપની શાળામાં આધારકાર્ડની કામગીરી માટે મ્યુનિ. કોર્પો.ને નિયુકત કરેલ એજન્સીઓના કર્મચારી આવે તેમને જરૂરી સગવડતાઓ જેવી કે અલગથી રૂમ, ટેબલ-ખુરશી તથા લાઈટની વ્યવસ્થા આપવાની રહેશે. સિકયુરીટી ગાર્ડ હાજર રહે તેવી સૂચના પણ આપવી.

આ યોજનાનો લાભ મ્યુનિ. શાળામાં અભ્યાસ કરતા બાળકો, તેમના માતા-પિતા તથા શાળાની આસપાસ રહેતા રહેવાસીઓ પણ લાભ લે તે માટે તેમને જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

જયાં ઓરડાઓ ઉપલબ્ધ છે ત્યાં ઓરડા આપવા.જયાં ઓરડા ઉપલબ્ધ નથી ત્યાં મુખ્ય શિક્ષકશ્રીની ઓફિસ આ માટે ઉપયોગમાં લઈ શકાય. આ કામગીરી / યોજના ફકત મ્યુનિ. શાળાના બાળકો માટે હોવાથી કામગીરી પૂર્ણ થયેથી આ વ્યવસ્થા બંધ થશે.

આપ જાણો જ છો કે આધાર કાર્ડ મ્યુનિ. શાળાના બાળકો માટે આગામી સમયમાં ખુબ જ ઉપયોગી અને આધારભૂત દસ્તાવેજ હોવાથી મોટા પાયે આનો પ્રચાર પ્રસાર થાય, તમામ એસ.એમ.સી.ના સભ્યશ્રીઓને આ બાબતની જાણ થાય અને શાળાના બાળકોના તમામ વાલીઓને આ કામગીરીની અગત્યતા દર્શાવતી લેખિતમાં જાણ કરવાની રહેશે.

તા.૪-૮-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી